આ રાજાવલીના આધારે આ૦ શ્રીભદ્રબાહુસ્વામી અને મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત, શૂન્યવાદી નિહ્નવ અશ્વમિત્ર અને રાજા અશોક, આર્ય મહાગિરિજી અને સમ્રાટ સંપ્રતિ, તથા આ૦ કાલકસૂરિ (ચોથા કાલિકાચાર્ય) અને વલભીપતિ ધ્રુવસેનની સમકાલીનતા બરાબર સાધી શકાય છે. વળી, યુગપ્રધાનોની ઘટનાઓમાં ૪૧૦ વર્ષનું આંતરું જ વધુ મેળ આપે છે. એટલે કે વિક્રમની પહેલી સહસ્રાબ્દી સુધીની ઐતિહાસિક ઘટનાઓમાં આ ગણતરી વધારે ઉપકારક નીવડે તેમ છે. અહીં નંદવંશમાં ૧૫૫ને બદલે માત્ર ૯૫ વર્ષ બતાવ્યાં છે એ ૬૦ વર્ષનો ફરક પડવાથી વિક્રમ સંવતનો પ્રારંભ વીર સં. ૪૧૧માં આવે છે.★

[૨]　કેટલાએક આચાર્યો માને છે કે, વીરનિર્વાણ સંવત ૪૭૧થી વિક્રમ- સંવત શરૂ થયો છે. તેના આધારપાઠો નીચે પ્રમાણે છે :

---

★ નંદવંશના વર્ષ ૯૫ અને વીર સં. ૧૫૫માં રાજ્યાભિષેક. આ વાતને પુરાણો, બૌદ્ધગ્રંથો અને અંગ્રેજ વિદ્વાનો પણ વધુ ટેકો આપે છે; જેના થોડાક નમૂનાઓ :

૧. **मुक्त्वा महीं वर्षशतं, ततो मौर्यान् गमिष्यति ॥२२॥**

નંદો ૧૦૦ વર્ષો સુધી પૃથ્વી ભોગવશે અને પછી **મૌર્ય** રાજાઓ થશે.
(મત્સ્યપુરાણ, અધ્યાય ૨૭૧, શ્લોક ૨૨)

૨. **मुक्त्वा महीं वर्षशतं, नन्देन्द्रः स गमिष्यति ॥३३०॥**
**चन्द्रगुप्तं नृपं राज्ये, कौटिल्यः स्थापयिष्यति ॥३३१॥**

નંદો પૃથ્વીને ૧૦૦વર્ષ પર્યન્ત ભોગવી નાશ પામશે અને પછી ચાણક્ય ચંદ્રગુપ્તને રાજ્યગાદીએ બેસાડશે.　(વાયુપુરાણ અધ્યાય ૯૯, શ્લોક ૩૩૦-૩૩૧)

૩. રાજગૃહીનો રાજવંશ – **અજાતશત્રુ** વર્ષ ૩૨, ઉદાયી વર્ષ ૧૬, અનુરુદ્ધ મુંડ વર્ષ ૮, નાગદાસ વર્ષ ૨૪, સુસુનાગ વર્ષ ૧૮, કાલાશોક વર્ષ ૨૮, તેના પુત્રો વર્ષ ૨૨, નવનંદ વર્ષ ૨૨, **ચંદ્રગુપ્ત** વર્ષ ૨૪, બિંદુસાર વર્ષ ૨૮, અનભિષિક્ત **અશોક** વર્ષ ૪. આ પ્રમાણે અનુક્રમે રાજાઓ થયા છે. આ હિસાબે બુદ્ધ કે શ્રેણિક પછી ૧૭૦ વર્ષો જતાં ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક આવે છે. (બૌદ્ધ મહાવંશ કાવ્ય પરિચ્છદ ૪, શ્લોક ૧ થી ૮; પરિચ્છેદ પાંચમો, શ્લોક ૧૪ થી ૨૨.)

૪. પ્રો. હર્મન જેકોબી તથા જાર્લ શોર્પેટિયર વગેરે માને છે કે વીર સં. ૧૫૫માં ચંદ્રગુપ્તનો **રાજ્યાભિષેક** અને ત્યાર પછી ૨૫૫ વર્ષે **વિક્રમ** એમ વીરસંવત અને વિક્રમસંવતની વચ્ચે ૪૭૦ ને બદલે (પાલકના ૬૦ વર્ષ ન લેતાં) ૪૧૦ વર્ષનું આંતરું માનવું જોઈએ.　(ઇન્ડિયન એન્ટિક્વેરી જુન, જુલાઈ, ઓગષ્ટ સને ૧૯૧૪)

૫. ઈ.સ. પૂર્વે ૩૨૫માં સિકંદરે ભારત પર આક્રમણ કર્યું અને ઈ.સ. પૂર્વે ૩૨૨માં ચંદ્રગુપ્ત મગધના સિંહાસને આવ્યો.

**ई. पूर्व ३२५ में सिकंदर ने भारत पर आक्रमण किया और ईस्वी. पूर्व ३२२ में चंद्रगुप्त मगध के सिंहासन पर बैठा । ये दो तिथियां भारत के प्राचीन इतिहास में निश्चित समज ली गई ।**　(મૌર્ય સામ્રાજ્ય કા ઇતિહાસ, પૃ. ૩૬)

जं रयणिं कालगओ, अरिहा तित्थंकरो महावीरो ।
तं रयणां अवन्तीवई, अहिसित्तो पालगो राया ॥१॥
सट्ठी पालगरन्नो, पण्णवन्नसयं तु होई नंदाणं ।
अट्ठसयं मुरियाणं, तीस च्चिय पुस्समित्तस्स ॥२॥
बलमित्तभाणुमित्ताणं, सट्ठिवरिसाणि चत्त नरवहणे ।
तह गद्दभिल्लरज्जं, तेरसवासे सगस्स चऊ ॥३॥
विक्कमरज्जाणंतर, सत्तरसवासेहिं वच्छरपवित्ती ।
सेसं पणतीससय, विक्कमकालम्मि य पविट्ठं ॥४॥
विक्कमरज्जारंभा, परओ सिरिवीरनिव्वुई भणिया ।
सुन्न-मुणि-वेयजुत्तो, विक्कमकालाओ जिणकालो ॥५॥
श्रीवीरनिर्वृतेर्वर्षैः षड्भिः पञ्चोत्तरैः शतैः ।
शाकसंवत्सरस्यैषा, प्रवृतिर्भरतेऽभवत् ॥६॥

ભ. શ્રીમહાવીરસ્વામી નિર્વાણ પામ્યા તે જ રાત્રે **પાલક** અવન્તિનો રાજા બન્યો. પાલકવર્ષ ૬૦, નંદવર્ષ ૧૫૫, મૌર્યવર્ષ ૧૦૮, પુષ્યમિત્ર વર્ષ ૩૦, બલમિત્ર-ભાનુમિત્ર વર્ષ ૬૦, નભસેન વર્ષ ૪૦, ગર્દભિલ્લ વર્ષ ૧૩ અને શક વર્ષ ૪, એમ કુલ ૪૭૦ વર્ષો જતાં **વિક્રમ** રાજા થયો. ગર્દભિલ્લનાં ૧૭ વર્ષ જતાં **વિક્રમ સંવત** પ્રવર્ત્યો. વિક્રમ વંશનાં ૧૩૫ વર્ષ ઊમેરીએ એટલે ગર્દભિલ્લ વંશનાં ૧૫૨ વર્ષ થાય છે. વીર સં. ૬૦૫ પછી ભારતમાં **શક સંવત** પ્રવર્ત્યો છે.

અસલમાં આ ગાથાઓ ક્યાંની છે ? તે કોઈ જાણતું નથી. કિન્તુ આ૦ મેરુતુંગસૂરિકૃત 'વિચારશ્રેણિ' અને મહો૦ ધર્મસાગરની 'તપગચ્છ પટ્ટાવલી' વગેરેમાં અવતરણરૂપે આ ગાથાઓ મળે છે. 'શ્રીદુસ્સમકાલસમણ સંઘથયં' અને 'તીર્થકલ્પ' વગેરે ઘણા ગ્રંથોમાં ઉપર પ્રમાણે જ રાજાવલી આપી છે.● દિગંબર વિદ્વાનો વીર સં. ૪૭૧માં જ વિક્રમ સંવત ૧ માને છે, અને કલિકાસસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિજી પણ ગુર્જરેશ્વર કુમારપાળનાં

● 'તિત્થોગાલીપયન્ના'માં વીર સંવત ૬૦૫ સુધી ગાથાબદ્ધ **રાજાવલી** આપી છે, જેમાં રાજાઓ અને સાલવારીમાં ફેરફાર છે. વિક્રમ સંવત માટે તેમાં કંઈ પણ સૂચન નથી. પૂ. પં. શ્રીકલ્યાણવિજયજી મહારાજ તેના આધારે જણાવે છે કે – પાલકનાં ૬૦, નંદોનાં ૧૫૦, મૌર્યોનાં ૧૬૦, પુષ્યમિત્રનાં ૩૫, બલમિત્ર-ભાનુમિત્રનાં ૬૦ એ ૪૬૫ વર્ષો થયાં. નભસેનનાં પાંચ વર્ષ જતાં વિક્રમ સંવત પ્રવર્ત્યો અને નભસેનમાં ૪૦, ગર્દભનાં ૧૦૦; એમ કુલ ૬૦૫ વર્ષો જતાં શક સંવત પ્રવર્ત્યો.

(વીરનિર્વાણ સંવત ઔર જૈન કાળગણના, પૃષ્ઠ ૩૦થી ૬૦)